# શિક્ષક દિનની-૨૦૨૪ની ઉજવણી

**તારીખ : ૦૫/૦૯/૨૦૨૪ –ગુરુવાર**
**સ્થળ : MSW કોલેજ ક્લાસરૂમ**
**સહભાગી : MSW ના સેમેસ્ટર-૧ અને ૩ના વિદ્યાર્થીઓ**

આજે બાલહંસ કૉલેજ ઓફ્ સોશ્યલ વર્ક ,થવા ખાતે શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી જેમાં MSW સેમ 1અને 2 ના કુલ 16 વિદ્યાર્થીઓ શિક્ષક તરીકે સહભાગી બન્યા હતા જેમાં વસાવા વીરેન્દ્રભાઈ, સિંધે કિંજલબેન,વસાવા રુધિક્ભાઈ,વસાવા સ્નેહલબેન, વસાવા જયાબેન, વસાવા પાયલબેન, વસાવા મોગરાબેન,વસાવા સલોનીબેન, વસાવા ઈનેશભાઈ,વસાવા સ્મિતાબેન, વસાવા વૈશાલીબેન, વસાવા પ્રશાંતભાઈ એ જુદા જુદા વર્ગોમાં શિક્ષણ કાર્ય કર્યું હતું. MSW સેમ 1ના વિધાર્થી શ્રી રોહિતભાઈ પાડવીએ આચાર્યની ભૂમિકા નિભાવી હતી .આ ઉપરાંત વસાવા મનોજભાઈ અને વસાવા ગીતાબેન એ ક્લાર્ક તરીકેની ફરજ બજાવી હતી. તેમજ વસાવા સતીષભાઈએ સેવક તરીકે ની કામગીરી કરી હતી. આજ રોજ શિક્ષક દિન નિમિતે સમય પત્રક બનાવવામાં આવ્યું હતું જેના ભાગરૂપે સેમેસ્ટર -૧ અને ૩ માં કુલ આઠ વર્ગો આયોજિત કરવામાં આવ્યા હતા, દરેક વર્ગ માં વિધાર્થીઓએ સરસ શિક્ષણ કાર્ય કર્યું હતું.






શિક્ષણકાર્યના અંતે વિભાગીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું ,જેમાં આજે આચાર્ય, શિક્ષક અને બિન શૈક્ષણિક જવાબદારી સાંભળનાર વિદ્યાર્થીઓએ પોતાના અભિપ્રાય રજુ કાર્ય હતા. વિદ્યાર્થીઓ જે આજના દિવસે શિક્ષક બન્યા હતા તેઓ દ્વારા કૉલેજના સ્ટાફને ગુરુદક્ષિણા ભેટ સ્વરૂપે પેન આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે કૉલેજના પ્રા.ભાવિકભાઈ પંચાલ અને કૉલેજના આચાર્ય શ્રી વિનોદભાઈ સોનવણે સાહેબે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આજના શિક્ષક દિનના સમગ્ર દિવસ દરમ્યાન પ્રા.સૌરભભાઈ વસાવા સાહેબ તથા પ્રા.ભાવિકાબેન વસાવા તથા પ્રા.નિકિતાબેન વસાવા તથા પ્રા. ભાવિક ભાઈ પંચાલ એ આજે શિક્ષક બનેલ દરેક વિધાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડયું હતું.

આજે શિક્ષક અને બિન શૈક્ષણિક સ્ટાફની ભૂમિકામાં રહેલા દરેક વિધાર્થીઓ માટે ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. કર્યક્રમના અંતે ફોટોગ્રાફી કર્યા પછી સહુ વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રો છુટા પડ્યા હતા.

